**SURESH M. GOVANI**
B.A.,LL.B.
ADVOCATE (GUJARAT HIGH COURT)
202-SILVER CHEMBER , TAGORE ROAD,
RAJKOT-2 PH.- 2468740

**સુરેશ એમ.ગોવાણી**
બી.એ.એલએલ.બી.
એડવોકેટ ( ગુજરાત હાઈકોર્ટ)
૨૦૨ સીલ્વર ચેમ્બર, ટાગોર માર્ગ,
રાજકોટ–૨. ફોન : ૨૪૬૮૭૪૦

પ્રતિ,

**પાંડવ ઈનકોર્પોરેશન ના નામથી ચાલતી ભાગીદારી પેઢી,**
સરનામું:– સપ્તક, રૂદ્રાક્ષ સીટીના સામે, ૬૦ ફુટ રોડ,
માસુમ સ્કુલ પાસે, મોટામવા, રાજકોટ.

S. M. GOVANI * ADVOCATE * GUJARAT HIGH COURT

બાબત :– **ટાઈટલ કલીયર સર્ટીફીકેટ.**

વિષય :– ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના ગામ **મોટામવા ના રેવન્યુ સર્વે નં. ૧૬૭ પૈકી** ની જમીન એકર ૦–૨૯ ગુંઠા રહેણાંકના હેતુ માટે બીન ખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૪ (મોટામવા) ના ઓ.પી. નં. ૪૧, એફ.પી. નં. ૪૧/૨ પૈકી **પ્લોટ નં. ૬** ની જમીન ચો. મી. આ. ૩૨૪.૫૦ તથા **પ્લોટ નં. ૭** ની જમીન ચો. મી. આ. ૨૫૮.૭૮ મળી કુલ જમીન ચો.મી.આ. ૫૮૩.૨૮ (મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ ચો.મી.આ. ૫૮૧.૬૮) ઉપર બંધાઈ રહેલ **"સપ્તક"** ના નામથી ઓળખાતી હાઈ રાઈઝ રહેણાંક ઈમારત.

આથી હું શ્રી સુરેશકુમાર એમ. ગોવાણી (એડવોકેટ) રહે. રાજકોટના તે હું ઉપર દર્શાવેલ મિલ્કતનો ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લખી જણાવું છું કે તમોએ મારા સમક્ષ રજુ કરેલ ફાઈલમાં નીચેની વીગતે ડોકયુમેન્ટ આવેલા છે. અને તેનો ઉતરોતર ઈતિહાસ નીચે મુજબ છે.

સદરહું સર્વે નંબરની સમગ્ર જમીન એટલે કે રેવન્યુ સર્વે નં. ૧૬૭ પૈકીની જમીન પ્રમોલગેશન વખતે હરજી ભવાનના નામે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) માં નોંધના અનું. નં. ૯ થી નોંધાયેલ હતી. ત્યારબાદ નવી માપણી થઈ આવતા ગામ નમુના નં. ૬ (હકકપત્રક) માં નોંધના અનું. નં. ૭૭ થી તા. ૨૨/૦૩/૧૯૬૩ થી કરમસી હરજીના નામે નોંધ થયેલ હતી.

// ૨ //

ત્યારબાદ કરમસી હરજીનું અવસાન થઈ જતા સદરહું ખેડવાણની તેમના સીધી લીટીના વારસદારો નાથીબેન કરમશીભાઈ વિગેરે–૬ ના નામે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) માં નોંધના અનું. નં. ૧૫૧૩ તા. ૦૭/૦૯/૧૯૯૯ થી નોંધ થયેલ હતી.

ત્યારબાદ નાથીબેન કરમશીભાઈ શીંગાળા વિગેરે–૬ એ ખેડવાણ જમીનને બીનખેતીમાં ફેરવવા અને બીનખેતી થયા બાદ પ્લોટસનું વેચાણ કરવા વિગેરે કાર્યો કરવા માટે તા. ૨૭/૦૭/૨૦૦૪ ના રોજ રાજકોટના નોટરીશ્રી એસ.પી. કામદાર સાહેબ સમક્ષ શ્રી વિનોદભાઈ લાલજીભાઈ શીંગાળાની કુલમુખત્યારનામું કરી આપેલ.

ત્યારબાદ નાથીબેન કરમશીભાઈ શીંગાળા વિગેરે–૬એ સદરહું ખેડવાણ જમીન રહેણાંક હેતુ માટેનો લે–આઉટ પ્લાન મંજુર કરવા માટે રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ માં અરજી કરતા સહાયક નગર નિયોજક, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટનાએ નં. રૂડા/ ટેક/ ડેવ/ મોટામવા/ ૧૬૬/ ૦૪/ ૨૪ તા. ૦૪/૦૧/૨૦૦૫ થી લે–આઉટ મંજુર રાખેલ. ત્યારબાદ સદરહું ખેડવાણ જમીનને રહેણાંક હેતુ માટે બીન ખેડવાણમાં ફેરવવા જિલ્લા વિકાસ અધિકારી સાહેબ રાજકોટના સમક્ષ અરજી કરતા નં. એન. એ./ લે.રે.કો.ક./ ૬૫/ કેસ નં. ૯૮/ ૦૪–૦૫/ વશી/ ૭૮૧/ ૮૮ તા. ૨૮–૦૩–૨૦૦૫ થી થયેલ હુકમ મુજબ સદરહું ખેડવાણ જમીન રહેણાંક હેતુ માટે બીન ખેડવાણમાં ફેરવાયેલ હતી. જેની ગામ નમુના નં. ૬ (હકકપત્રક) માં નોંધના અનું. નં. ૩૨૫૮ થી નોંધ થયેલ છે.

S. M. GOVANI ADVOCATE GUJARAT HIGH COURT

ત્યારબાદ સદરહું રેવન્યુ સર્વે નં. ૧૬૭ પૈકી પ્લોટ નં. ૬ ની જમીન ચો.મી.આ. ૩૨૪.૫૦ નાથીબેન કરમશીભાઈ વિગેરે–૬ ના કુલમુખત્યાર દરજ્જે શ્રી વિનોદભાઈ લાલજીભાઈ શીંગાળાએ શ્રી જમનભાઈ ભાદાભાઈ રાણપરીયાને વેચાણ દસ્તાવેજ અનું. નં. ૪૭૦૦ તા. ૦૭/૦૭/૨૦૦૫ થી વેચાણ આપેલ છે. જેની ગામ નમુના નં. ૬ (હકકપત્રક) માં નોંધના અનું. નં. ૩૩૨૦ તા. ૧૫/૦૭/૨૦૦૫ થી નોંધ થયેલ છે.

ત્યારબાદ સદરહું રેવન્યુ સર્વે નં. ૧૬૭ પૈકી પ્લોટ નં. ૭ ની જમીન ચો.મી.આ. ૨૫૮.૭૮ નાથીબેન કરમશીભાઈ વિગેરે–૬ ના કુલમુખત્યાર દરજ્જે શ્રી વિનોદભાઈ લાલજીભાઈ શીંગાળાએ શ્રી શામજીભાઈ લખમણભાઈ હીરપરાને વેચાણ દસ્તાવેજ અનું. નં. ૪૭૦૨ તા. ૦૭/૦૭/૨૦૦૫ થી વેચાણ આપેલ છે. જેની ગામ નમુના નં. ૬ (હકકપત્રક) માં નોંધના અનું. નં. ૩૩૧૦ તા. ૧૫/૦૭/૨૦૦૫ થી નોંધ થયેલ છે.

ત્યારબાદ સદરહું રેવન્યુ સર્વે નં. ૧૬૭ પૈકી પ્લોટ નં. ૭ ની જમીન ચો.મી.આ. ૨૫૮.૭૮ શ્રી શામજીભાઈ લખમણભાઈ હીરપરાએ રાણપરીયાએ પાંડવ ઈનકોર્પોરેશનના નામથી ચાલતી ભાગીદારી પેઢીને વેચાણ દસ્તાવેજ અનું. નં. ૪૧૭૫ તા. ૦૭/૦૯/૨૦૧૭ થી વેચાણ આપેલ છે. જેની ગામ નમુના નં. ૨ માં નોંધના અનું. નં. ૮૬૧ થી નોંધ થયેલ છે.

ત્યારબાદ સદરહું રેવન્યુ સર્વે નં. ૧૬૭ પૈકી પ્લોટ નં. ૬ ની જમીન ચો.મી.આ. ૩૨૪.૫૦ શ્રી જમનભાઈ ભાદાભાઈ રાણપરીયાએ પાંડવ ઈનકોર્પોરેશનના નામથી ચાલતી ભાગીદારી પેઢીને વેચાણ દસ્તાવેજ અનું. નં. ૨૯૦૩ તા. ૧૧/૦૬/૨૦૧૮ થી વેચાણ આપેલ છે. જેની ગામ નમુના નં. ૨ માં નોંધના અનું. નં. ૯૭૯ થી નોંધ થયેલ છે. આ રીતે સદરહું બન્ને પ્લોટ નં. ૬ તથા ૭ તમો પાંડવ ઈનકોર્પોરેશનના નામથી ચાલતી ભાગીદારી પેઢીના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકીના આવેલ છે.

ત્યારબાદ સદરહું પ્લોટ નં. ૬ તથા ૭ ની કુલ જમીન ચો.મી.આ. ૫૮૩.૨૮ ઉપર રહેણાંકના હેતુ માટે હાઈરાઈઝ ઈમારતનું બાંધકામ કરવા માટે રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટ માં અરજી કરતા જુનીયર નગર નિયોજક, શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટ ના એ ક્રમાંક નં. રૂડા/ ટેક/ ડેવ/ મોટામવા/ ૯૧૦/ ૧૮/ ૧૮૩૪ તા. ૨૬/૦૩/૨૦૧૯ થી બાંધકામના વિકાસ માટેની પરવાનગી આપેલ છે અને અમોલ્ગેશન તથા બિલ્ડીંગ પ્લાન મંજુર રાખેલ છે. અને મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબ ૧૪–ફ્લેટસનું બાંધકામ શરૂ કરેલ છે. સદરહું બિલ્ડીગને તમોએ **"સપ્તક"** નામ આપેલ છે. જે સમગ્ર બિલ્ડીંગની ચતુ:સિમા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ઉતરે | :– | લાગુ કોમન પ્લોટ ૪૩/એ આવેલ છે. |
| દક્ષિણે | :– | ૧૦.૫૦ મીટરનો રોડ આવેલ છે. |
| પૂર્વે | :– | લાગુ કોમન પ્લોટ ૪૩/એ આવેલ છે. |
| પશ્ચિમે | :– | ૧૮.૦૦ મીટરનો રોડ આવેલ છે. |

આ રીતે છેલ્લા ૩૧–વર્ષથી વધુ સમયના ઉતરોતર ટાઈટલ તપાસતા ઉતરોતર કળી મળી આવે છે. સદરહું મિલ્કતનાં ઉપરોક્ત ટાઈટલ કલીયર ડોકયુમેન્ટસ આવેલા છે, જે ક્રમશઃ નીચે મુજબ દર્શાવેલ છે.



S. M. GO[illegible]ANI ADVOCATE GUJARAT HIGH COURT

૧.) અનું. નં. ૨૨૫૪ તા. ૧૭/૦૫/૨૦૧૯ થી નોંધાયેલ એ.ઓ.પી. ની નકલ.

૨.) જુનિયર ટાઉન પ્લાનર, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ, રાજકોટના એ ક્રમાંક નં. રૂડા/ ટેક/ ડેવ/ મોટામવા/ ૯૧૦/ ૧૮/ ૧૮૩૪ તા. ૨૬/૦૩/૨૦૧૯ થી આપેલ બાંધકામના વિકાસ માટેની પરવાનગી, બિલ્ડીગ પ્લાન અને અમોલ્ગમેશન પ્લાનની નકલ.

૩.) અમો વેચનારના નામનું ગામ નમુના નં. ૨ ની નકલ.

૪.) અનું. નં. ૨૯૦૩ તા. ૧૧/૦૬/૨૦૧૮ થી નોંધાયેલ અમો વેચનાર જોગ જમનભાઈ ભાદાભાઈ રાણપરીયાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ. (પ્લોટ નં. ૬)

૫.) અનું. નં. ૪૧૭૫ તા. ૦૭/૦૯/૨૦૧૭ થી નોંધાયેલ અમો વેચનાર જોગ શામજીભાઈ લખમણભાઈ હીરપરાએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ. (પ્લોટ નં. ૭)

૬.) પાંડવ ઈનકોર્પોરેશન ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે તા. .................. ના રોજ થયેલ ભાગદારી દસ્તાવેજની નકલ.

૭.) અનું. નં. ૪૭૦૨ તા. ૦૭/૦૭/૨૦૦૫ થી નોંધાયેલ શામજીભાઈ લખમણભાઈ હીરપરા જોગ નાથીબેન કરમશીભાઈ શીંગાળા (પટેલ) વિગેરે–૬ ના કુલમુખત્યાર વિનોદભાઈ લાલજીભાઈ શીંગાળા (પટેલ) એ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ. (પ્લોટ નં. ૭)

૮.) અનું. નં. ૪૭૦૦ તા. ૦૭/૦૭/૨૦૦૫ થી નોંધાયેલ જમનભાઈ ભાદાભાઈ રાણપરીયા જોગ નાથીબેન કરમશીભાઈ શીંગાળા (પટેલ) વિગેરે–૬ ના કુલમુખત્યાર વિનોદભાઈ લાલજીભાઈ શીંગાળા (પટેલ) એ કરી આપેલ વેચાણ દસ્તાવેજની નકલ. (પ્લોટ નં. ૬)

૯.) નાથીબેન કરમશીભાઈ શીંગાળા વિગેરે–૬ એ વિનોદભાઈ લાલજીભાઈ શીંગાળા જોગ તા. ૨૭/૦૭/૨૦૦૪ ના રોજ કરી આપેલ કુલમુખત્યારનામાની નોટરાઈઝડ ટ્રુ કોપી.

૧૦.) જિલ્લા વિકાસ અધીકારીશ્રી, રાજકોટના હુકમ નં. એનએ–લેરેકાક–૬૫–કેસ નં. ૯૮– ૦૪/૦૫–વશી–૭૮૧/૮૮ તા. ૨૮/૦૩/૨૦૦૫ ની સટી ફાઈડ નકલ.

૧૧.) રૂડાએ પત્ર નં. રૂડા/ ટેક/ ડેવ/ મોટામવા/ ૧૬૬/ ૦૪/ ૨૪ તા. ૦૪/૦૧/૨૦૦૫ થી મંજુર કરેલ લે–આઉટ પ્લાનની નોટરાઈઝડ ટ્રુ કોપી.

૧૨.) પ્રમોલગેશન સુધીની ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની તમામ નોંધની નકલો.

૧૩.) ટીપ્પણ, માપણીશીટ તથા હિસ્સા ફોર્મ નં. ૪ ની નકલ.

આ રીતે ઉપરોક્ત વિગતના તમામ ડોકયુમેન્ટને તપાસતા ઉતરોતર કળી મળી



S. M. GO... ADVOC... GUJARAT ...H COURT

આવે છે. તેમજ સદરહું મીલ્કત અંગે સબ–રજીસ્ટ્રાર કચેરી રાજકોટ ઝોન–૧ માં વર્ષ–૧૯૯૦ થી ૧૯૯૮ સુધી ઈન્ડેક્ષ–૨ ની શોધ અરજી નં. ૧૦૬૦૪ થી તા. ૨૩/૦૫/૨૦૧૯, રાજકોટ ઝોન–૩ માં વર્ષ–૧૯૯૮ થી ૨૦૧૨ સુધી ઈન્ડેક્ષ–૨ ની શોધ અરજી નં. ૫૯૪૯ થી તા. ૧૭/૦૫/૨૦૧૯, તથા રાજકોટ ઝોન–૫ માં વર્ષ–૨૦૧૨ થી ૨૦૧૯ સુધી ઈન્ડેક્ષ–૨ ની શોધ અરજી નં. ૧૮૬૧ થી તા. ૧૭/૦૫/૨૦૧૯ ના રોજ શોધ કરતા કોઈપણ વાંધા જનક નોંધ મળી આવેલ નથી, શોધની અસલ પહોંચ આ સાથે રજુ કરેલ છે. ઉપરોકત વર્ણન વાળી મીલકત ઉપર કોઈપણ પ્રકારનો બોજો નથી કે કોઈપણ પ્રકારની પ્રોજેક્ટ લોન ચાલતી નથી, તેમજ અસલ ફાઈલ **પાંડવ ઈનકોર્પોરેશન ના નામથી ચાલતી ભાગીદારી પેઢી** ના કબજામાં આવેલ છે. આ રીતે સદરહું મિલ્કત ટાઈટલ કલીયર, લોનેબલ અને માર્કેટેબલ, તથા કોઈપણ પ્રકારના કર્જ કે બોજાથી મુકત છે તેવો હું અભિપ્રાય આપું છું. અને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ લખી આપું છું.

**નોંધ :– શોધની અરજીની અસલ પહોંચ આ સાથે રજુ છે.**

S. M. GOVANI * ADVOCATE * GUJARAT HIGH COURT

સ્થળ :– રાજકોટ.
તારીખ :– ૨૮/૦૫/૨૦૧૯.

**(સુરેશ એમ. ગોવાણી, એડવોકેટ)**
**બાર કાઉન્સીલ ઓફ ગુજરાતનો**
**રજી. નં. જી–૫૫/૮૯ છે.**

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન રે.સ.નં. 167 પૈકી પ્લોટ નં. 6, 7

Search in : Mato Mava/Mato Mava

પહોંચ નંબર: ૨૦૧૯૩૨૫૦૦૪૧૪૦ અરજી નંબર: ૧૮૬૧ અરજી વર્ષ: ૨૦૧૯

તા: ૧૭ માહે: મે સને: ૨૦૧૯

રજુ કરનારનું નામ **એસ. એમ. ગોવાણી (એડ) શોધ**

નીચે પ્રમાણે ફી પહોંચી

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-5 (MAVA) રાજકોટ સબ રજીસ્ટ્રારની (મુદ્રા) રાજકોટ-૫ (મવા)

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી.......... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.......... | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી.......... | |
| ટપાલ ખર્ચ.......... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ).......... | ૦ |
| શોધ અગર તપાસણી.......... Year : ૨૦૧૨ ૨૦૧૯ | ૫૦ |
| દંડ કલમ-૨૫.......... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ).......... | |
| નકલ ફી ફોલીયો.......... | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી .......... | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૫૦ |
|---|---|

અંકે રૂપીયા પચાસ પુરા.

દસ્તાવેજ / નકલ ---------- ના દિવસે તૈયાર થશે અને ---------- તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( V B Tankariya )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 5 - મવા

IGR-NIC -4524458214812872453 ૧૭/૫/૨૦૧૯ ૩:૪૭:૪૮ pm

અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન રે.સ.નં. 167 પૈકી, પ્લોટ નં. 6, 7

Search in : મોટામવા/MATO MAVA

પહોંચ નંબર: ૨૦૧૯૦૨૪૦૦૯૬૨૭ અરજી નંબર: ૫૯૪૯ અરજી વર્ષ: ૨૦૧૯

તા: ૧૭ માહે: મે સને: ૨૦૧૯

રજુ કરનારનું નામ **સુરેશ એમ ગોવાણી (એડ) શોધ**

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. | પૈસા |
|---|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | | |
| નકલ કરવા ની ફી સાઈડ / કોલીયો........ | ૦ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | | |
| ટપાલ ખર્ચ........ | | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | ૦ | |
| શોધ અગર તપાસણી........ Year : ૧૯૯૮ ૨૦૧૨ | ૮૫ | |
| દંડ કલમ-૨૫........ | | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | | |
| નકલ ફી કોલીયો........ | ૦ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | | |
| આ સિવાયની બાબતોની ફી | | |

| કુલ એકંદરે રૂ. | ૮૫ |
|---|---|

અંકે રૂપીયાપંચયાંસી પુરા.

દસ્તાવેજ / નકલ ........ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં ........ આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-3 (JAMNAGAR ROAD)

( H A Karia )
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 3

IGR-NIC 5499549078017488762 ૧૭/૫/૨૦૧૯ ૩:૩૪:૦૨ pm

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : મોટામવા રે.સ.નં.167પૈકી

Search in : RAJKOT-1/RAJKOT-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૧૯૦૨૨૦૧૪૬૪૩ | અરજી નંબર | ૧૦૬૦૪ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૨૩ | માહે | મે | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ એસ.એમ.ગોવાણી(એડ)શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | |
| શોધ અગર તપાસણી Year: 1990 1998 | ૫૫.૦૦ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| કુલ એકંદરે રૂ. | ૫૫.૦૦ |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT
રાજકોટ સબ રજીસ્ટ્રારની સિક્કો

અંકે રૂપીયા પંચાવન પુરા

દસ્તાવેજ

---------- ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

---------------. આવશે.

નકલ

કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

એમ.જે.રાજયગુરૂ
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

IC(G) 8893923594749567184 (W)

૨૩/૦૫/૨૦૧૯ 13:08:17